# આજથી સે. ૨૨ જૈન દેરાસર ખાતે ગુરૂ દશમી પર્વ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે પૂ. કેશર સુરીશ્વરજી મ.સા.ની ૮૭મી પુણ્યતિથી તથા પૂ. ચંદ્રશેખર વિજયજી મ.સા.ની ૭મી પુણ્યતિથી નિમિત્તે તા. ૨૧ અને ૨૨મી ઓગષ્ટ દરમ્યાન ગુરૂ દશમી પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. આ પર્વનું આયોજન ગાંધીનગર શ્વેતાંબર જૈન મૂર્તિપૂજક સંઘ દ્વારા કરવામાં આવ્યું છે.



ગુરૂ દશમી પર્વ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં તા. ૨૧મી ઓગષ્ટ મંગળવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગુરૂદેવનો ગુણાનુવાદ, શ્રાવકોની સંવેદના, ગુરૂ ભગવંતોના સંસ્મરણો, સંગીતમય સ્તુતિઓ, ગીતો, જીવદયાની ટીપ, કૌટુંબિક પુરૂષોનું બહુમાન, પ્રભુજીની અંગરચના તથા સામુહિક આયંબિલ અનુષ્ઠાન સાથે 'ગુરૂમા' સચિત્ર જીવનકથા પુસ્તકનું વિમોચન કરાશે. તા. ૨૨મી ઓગષ્ટ બુધવારે સવારે ૬ કલાકે સકળ સંઘની સંગીતમય અષ્ટ પ્રકારી પૂજા નવકારશી તથા ૮ કલાકે સંગીત સાથે ભાવના, કુમારપાળ મહારાજાની આરતી જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાશે. સમગ્ર અનુષ્ઠાનોમાં સંગીતકાર પ્રવિણભાઈ શાહ ભક્તિ સંગીતની રમઝટ જમાવશે. ગુરૂ દશમી પર્વનો શહેરના તમામ જૈન શ્રદ્ધાળુઓએ લાભ લેવા જૈન સંઘ દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

# રૂપાલ ગામેથી ૯ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામે જોગણી માતાના વાસ ખાતે એક મકાનમાં રેઈડ પાડી પેથાપુર પોલીસે ૯ જુગારીઓને ઝડપી લીધા છે. પોલીસે દાવ પરથી અંગઝડતી દરમિયાન તેમજ મોબાઈલ સહિત કુલ રૂ. ૨૭,૭૨૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એલ. એસ. ચૌધરી ચલાવી રહ્યા છે.



પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે ત્યારે શ્રાવણમાં શકુનીઓ સક્રિય થઈ ગયા છે. જેને પગલે પોલીસ પણ સક્રિય બની ગઈ છે. ત્યારે રાંધેજા ચાર રસ્તા પાસે પેથાપુર પોલીસ મથકના જવાનોની ટીમ હાજર હતી તે દરમિયાન પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે રૂપાલ ગામના જોગણી માતાના વાસમાં રહેતા વિરમજી રસીકજી ઠાકોરના નિવાસ સ્થાને કેટલાક માણસો ભેગા મળીને જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે રેઈડ કરતા નવલજી અદરજી ઠાકોર, બળવંતજી જવાનજી ચાવડા, વિનુજી ઠાકોર, ટીનાજી ઠાકોર, દશરથજી ઠાકોર, રાકેશ શાહ, રમેશ ઠાકોર, ડાહ્યાજી વણઝારા, તેમજ અમરતજી ગુગાજી ઠાકોરે દાવ પરની રોકડ રકમ રૂ. ૬૦૦૦ તથા અંગ ઝડતીમાંથી કુલ રૂ. ૧૦,૭૨૦ અને મોબાઈલ નંગ-૭ કિ.રૂ.૧૧૦૦૦ તેમજ ગંજીપાના રકમ મળી કુલ રૂ. ૨૭,૭૨૦નો જુગાર રમતા નવ ઈસમોને પકડી પાડી વોન્ટેડ વીરમજી રસીકજી ઠાકોર રહે. જોગણી માતાનો વાસ સામે પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એલ. એસ. ચૌધરીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગિયોડ ખાંટવાસમાંથી ૩ જુગારી પકડાયા

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર આવેલા ગિયોડ ગામના ખાંટ વાસમાં લાઈટના થાંભલા નીચે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા શિવા ચૌધરી, શૈલેષ ઠાકોર, અને દશરથ દંતાણીને ચિલોડા પોલીસે જુગારના સાહિત્ય સાથે હારજીતનો જુગાર રમતા ઝડપી પાડી કુલ રૂ. ૧૫૧૦ના મુદ્દામાલ કબ્જે કરી ચિલોડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## પોરની સીમમાંથી ૪ શકુની પોલીસને હાથમાં આવ્યા

અડાલજ પોલીસના અ.હે.કો. એલ.ડી.વાઘેલા તેમની ટીમ સાથે પોર વિસ્તારમાં પેટ્રોલીંગ હતા.ત્યારે પોર ગામ નજીક આવેલ રાજકિરણ ફાર્મ હાઉસ પાસેના ખુલ્લા ખેતરમાં કેટલાક શખ્શો જુગાર રમતા હોવાની બામતી અ.હે.કો. રામેશ્વર મનુભાઈને મળતા દરોડો પાડ્યો હતો. જેમાં અશરફ યાસીનમિયા પરમાર, સુમન પોપટજી ચાવડા, અરવિંદજી કાનાજી ચાવડા, તથા સુમન ભીખાજી ઠાકોર રૂ. ૪,૪૨૦ ની રોકડ સાથે જુગાર રમતા ઝડપાઈ ગયા હતા.

## ડભોડાના ખુલ્લા ગ્રાઉન્ડમાંથી પાંચ શકુની પોલીસે પકડ્યા

ડભોડા ગામમાં કન્યા શાળા પાસેના ખુલ્લા ગ્રાઉન્ડમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમી ડભોડા પોલીસને મળતા આ સ્થળને કોર્ડન કરી દરોડો પાડ્યો હતો. જેમાં દિનેશ કેશાજી સોલંકી, સુરજ શંકરજી પરમાર, વિનોદ ગાંડાજી ઠાકોર તથા પુનમ પ્રભાત સોલંકી રૂ. ૧૨૦૦ની રોકડ સાથે તીન પતીનો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા.

## વાતવાતમાં

● કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરની માંગણીના સંદર્ભમાં સમાધાન થતાં તેમણે ઉપવાસ આંદોલન પાછુ ખેંચવાની જાહેરાત કરી છે.

● ગાંધીનગર શહેરમાં મનપા દ્વારા પાંચ બાળરોગના નિષ્ણાંતોને ત્યાંથી એમ.આર.ની રસી ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લેવાયો છે.

● ગુરૂવારે યોજવામાં આવનાર રાજ્ય સ્વાગતનો કાર્યક્રમ પ્રધાનમંત્રીના ગુજરાત પ્રવાસને ધ્યાને લઈ હવે ૩૦મી ઓગષ્ટના રોજ યોજવામાં આવશે.

## વડનગરા નાગર મંડળ દ્વારા એક દિવસીય પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

શ્રી વડનગરા નાગર મંડળ ગાંધીનગર દ્વારા તા. ૯ સપ્ટેમ્બરને રવિવારના રોજ (શ્રાવણી અમાસ) શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર વડનગરના એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રવાસનો સમય સવારે ૧૧ કલાકથી સાંજના ૫ કલાક રાખવામાં આવ્યો છે. પ્રવાસમાં ભાગ લેવા ઈચ્છુક વડનગરા જ્ઞાતિજનોએ પોતના નામ જયંતભાઈ બુચ (૯૪૨૭૪ ૦૦૭૮૦) તેમજ તુષિત ભાઈ ધ્રુ (૯૮૭૯૩૯૯૩૨૦) પર વહેલા તે પહેલાના ધોરણે નોંધાવવા મંડળના પ્રમુખ પ્રહર અંજારીયાએ જણાવ્યું છે. તેમજ પ્રવાસ અંગે વધુ માહિતી માટે દિગંતભાઈ ઓઝાનો સંપર્ક કરવાનો રહેશે.

## રાજ્યકલા મહાકુંભમાં વિવિધ સ્પર્ધા ઉમેરાઈ

ગાંધીનગર,તા.૨૦

રાજ્ય સરકાર દ્વારા રાજ્ય વ્યાપી સાંસ્કૃતિક કલાઓની સ્પર્ધાઓના સમૂહ કાર્યક્રમ તરીકે કલા મહાકુંભનું પ્રતિવર્ષ આયોજન કરાય છે. જેમાં આ વર્ષે ભવાઈ, લગ્નગીત, ફટાણા અને વિવિધ લોક સંગીતની સ્પર્ધાઓ ઉમેરવામાં આવી છે. જેમાં રસ ધરાવતા કલારસિકો ભાગ લઈ શકશે, એમ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા જણાવાયુંછે. રાજ્ય કલા મહાકુંભમાં ગાયન વિભાગમાં સમૂહ લગ્નગીત ફટાણાની સ્પર્ધા ઉમેરાઈ છે.





ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પક્ષના પૂર્વ પ્રમુખ સ્વર્ગસ્થ રાજીવ ગાંધીની જન્મ જયંતિ નિમિત્તે આજે ગાંધીનગરના સે. ૨૪ ખાતે વૃક્ષારોપણ તેમજ શ્રદ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા મહિલા કોંગ્રેસ દ્વારા પણ સે. ૨૪ ખાતે જ આવો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, કાઉન્સીલરો મીનાબેન વાઘેલા, ચીનભાઈ વિંઝુડા તથા તેજાભાઈ દેસાઈ, રાજેન્દ્રસિંહજી, ઉર્પલ જોશી સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે મહિલા કોંગ્રેસના કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખ અને પંચાયતના સભ્ય કીર્તિબેન પટેલ, મીનાબેન વાઘેલા, કપિલાબેન ચાવડા, ભાનુબેન, લલીબેન ઠાકોર, લીલાબેન ત્રિવેદી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.



## વી. કેર ફાઉન્ડેશન સંસ્થાને પ્રશસ્તિપત્ર

ગાંધીનગર સ્થિત વી.કેર ફાઉન્ડેશન સંસ્થા અને ચેરમેન જે.સી. પટેલને માણસા ખાતે જિલ્લા વહીવટીતંત્ર ગાંધીનગર દ્વારા યોજાયેલ જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્યદિન ઉજવણી નિમિત્તે વિ.કેર ફાઉન્ડેશનને જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાના હસ્તે પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિ.કેર ફાઉન્ડેશનના ચેરમેન જે.સી. પટેલે વ્યક્તિગત સ્વરૂપે સમાજસેવાના પ્રદાન બદલ પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના મહેન્દ્રભાઈ, રાજુભાઈ, જયંતિભાઈ તથા જે.સી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# સે. ૬ની સ્માર્ટ આંગણવાડીના નવા પેવર બ્લોક્સ બેસી ગયા..!!!

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સેક્ટર-૬માં સ્માર્ટ આંગણવાડી અંતર્ગત સેક્ટર-૬ની આંગણવાડીમાં લગાડવામાં આવેલા પેવર બ્લોક્સ બેસી જતા આ કામની ગુણવત્તા બાબતે સવાલો ખડાં થવા પામ્યાં છે. પેવર બ્લોક્સની ગુણવત્તા બાબતે વોર્ડ નં. ૭ના સ્થાનિક કોર્પોરેટર રાકેશભાઈ પટેલ દ્વારા આ બાબતે મનપાની સામાન્ય સભામાં ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી તેમજ આ બાબતે યોગ્ય તપાસ કરવા માંગણી કરવામાં આવી છે.

સેક્ટર-૬ની આંગણવાડીને સ્માર્ટ આંગણવાડી અંતર્ગત નાંખવામાં આવેલા પેવર બ્લોક્સની ગુણવત્તા બાબતે તપાસની માંગણીના સૂર હજુ શમ્યાં નથી ત્યાં પેવર બ્લોક્સ બેસી જતાં કોર્પોરેટર રાકેશભાઈ પટેલ દ્વારા મ્યુનિસિપલ કમિશ્નર સમક્ષ યોગ્ય તપાસની લેખીત માંગ કરવામાં આવી છે. પેવર બ્લોક્સમાં ગાબડાં પડી જવા સાથે ગુણવત્તા બાબતે તેમણે સવાલો ઉઠાવ્યા છે અને આ બાબતે યોગ્ય પગલાં લેવા રજૂઆત કરી છે.

# અમદાવાદમાં આજે વાજપેયીને શ્રદ્ધાંજલિ અપાશે

## જીએમડીસી ખાતે આજે સાંજે ચાર વાગ્યાથી સર્વદળીય પ્રાર્થના સભા યોજાશે : અસ્થિકુંભ સાથે વાઘાણી પહોંચશે

અમદાવાદ,તા.૨૦

વિચક્ષણ બુધ્ધિ પ્રતિભા ધરાવનાર સ્વર્ગસ્થ અટલજી મહાન વક્તા, વિદ્વાન રાજનેતા, કવિહદયી તથા પ્રખર દેશપ્રેમી હતા. તેઓ કરોડો દેશવાસીઓના પ્રિય નેતા હતા. તેમના અવસાનથી દેશને પૂરી ના કરી શકાય તેવી ખોટ પડી છે. આવતીકાલે તારીખ ૨૧ ઓગષ્ટ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન ગુજરાત યુનિવર્સીટી કન્વેન્શન હોલ ઓડિટોરિયમ (જીએમડીસી) અમદાવાદ ખાતે સર્વદલીય સાર્વજનિક પ્રાર્થનાસભા રાખવામાં આવેલ છે. જેમાં તમામ પાર્ટીના આગેવાનો/કાર્યકરો, સંતો-મહંતો, સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓ, વિવિધ વેપારી એસોસીયેશનો, સાહિત્યકારો તેમજ તમામ સમાજ-વર્ગોના લોકોની ઉપસ્થિતિ પ્રાર્થનીય છે. તારીખ ૨૨ ઓગષ્ટના રોજ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી દિલ્હીથી આદરણીય અટલજીના અસ્થિકુંભ લઈ અમદાવાદ એરપોર્ટ ખાતે બપોરે ૩.૦૦ કલાકે આવશે. જ્યાં માનનીય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તેમજ વિવિધ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહી અસ્થિકુંભને પૂષ્પાંજલિ અર્પણ કરશે ત્યારબાદ ખાડિયા ગોલવાડ ભાજપા કાર્યાલયથી અસ્થિ વિસર્જન યાત્રા શરૂ થઈ ખાડિયા ગેટ-રાયપૂર ચકલા-છબીલા હનુમાન-રૂગનાથ પુરાની પીઠ-ખમાસા ચાર રસ્તા થઈ સાબરમતી રિવરફ્રન્ટ ટીળક ગાર્ડન પાસે પહોંચશે.



## એનએસયુઆઈએ વૃક્ષારોપણ

ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈના કાર્યકરો દ્વારા દિવંગત પૂર્વ વડાપ્રધાન સ્વ.રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિતે શહેરની વિવિધ કોલેજોમાં વૃક્ષા રોપણનો કાર્યક્રમ યોજ્યો હતો. ગાંધીનગર શહેરના સમર્પણ કેમ્પસ, નવગુજરાત કોમર્સ, સરકારી વિજ્ઞાન કોલેજ, વિનિમય કોલેજ, વાણીજય કોલેજ, ખાતે આંબલી, લીમડા, જાંબુ, પીપળ, સહિતના વૃક્ષોનું વાવેતર કર્યુ હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ નયન શ્રીમાળી, ઉપપ્રમુખ મીતરાજસિંહ બિહોલા, અજયસિંહ વાઘેલા, વિજયસિંહ વાઘેલા, સહિતના કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# નોકરી પુરી પાડવામાં ગુજરાત પ્રથમ સ્થાને

ગાંધીનગર,તા.૨૦

શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું છે કે, રાજ્યના યુવાનોને ઘર આંગણે રોજગારી પૂરી પાડવામાં ગુજરાતે તેની પરંપરા ફરી જાળવી રાખી છે. ભારત સરકારના લેબર બ્યુરો, ચંદીગઢ દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ના અહેવાલ મુજબ સમગ્ર દેશમાં રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત દ્વારા વર્ષ ૨૦૦૨થી પ્રથમ ક્રમે રહ્યું છે. વર્ષ ૨૦૧૪માં ભારતના રાજ્યો દ્વારા ૩,૩૮,૫૦૦ યુવાનોને રોજગારી સામે ગુજરાત ૨,૯૦,૮૦૦ યુવાનોને (૮૬ ટકા) રોજગારી પૂરી પાડવામાં આવી છે. લેબર બ્યુરો, ચંદીગઢના અહેવાલ મુજબ સમગ્ર ભારતનો બેરોજગારી દર હજાર વ્યક્તિએ પચાસ છે જેની સામે ગુજરાતનો બેરોજગારી દર હજાર વ્યક્તિએ નવ છે, જે અન્ય રાજ્યોની તુલનાએ સૌથી નીચો છે. ઠાકોરે ઉમેર્યું કે, રાજ્યના યુવાનોને ઘર આંગણે જ રોજગારી પૂરી પાડવા માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. તેમજ રાજ્ય સરકાર દ્વારા હકારાત્મક અભિગમ દાખવી રોજગાર ભરતી મેળાનું આયોજન કરાયું છે જેના પરિણામે વર્ષ ૨૦૧૩થી જુલાઈ ૨૦૧૮ સુધીમાં રોજગાર કચેરી મારફતે ૧૮,૪૯,૫૬૫ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. તે પૈકી ૧૧,૪૧,૦૮૪ ઉમેદવારોને ભરતી મેળામાં રોજગારી પૂરી પડાઈ છે. રાજ્ય સરકારની રોજગાર કચેરીઓમાં જુલાઈ-૨૦૧૮ સુધીમાં કુલ ૫,૧૧,૫૬૩ રોજગાર વાંચ્છુ ઉમેદવારો નોંધાયા છે. મંત્રીએ ઉમેર્યું કે, અનુસુચિત જાતિના ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં ગુજરાત પ્રથમ ક્રમાંકે રહ્યું છે. જેમાં વર્ષ ૨૦૧૩ના પ્રસિદ્ધ આંકડાઓ અનુસાર સમગ્ર ભારતમાં ૩૧,૭૦૦ અનુસુચિત જાતિના ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવી. જેની સામે ગુજરાત સરકાર દ્વારા ૧૮,૮૫૦ (૫૯ ટકા) અનુસુચિત જાતિના ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવી છે. અનુસુચિત જનજાતિના ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં પણ ગુજરાત પ્રથમ ક્રમાંકે છે. વર્ષ ૨૦૧૩ના પ્રસિદ્ધ આંકડા અનુસાર સમગ્ર ભારતમાં ૨૧, ૦૬૦ અનુસુચિત જનજાતિના ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવેલ. જેની સામે ગુજરાત દ્વારા ૧૮,૮૪૦ (૮૯ ટકા) અનુસુચિત જનજાતિના ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, મહિલાઓને આર્થિક રીતે પગભર કરવા સરકારે ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જેના પરિણામે મહિલા ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં પણ ગુજરાત પ્રથમ ક્રમાંકે રહ્યું છે.

# અમિત ચાવડાની ઉપસ્થિતિમાં ઝાંક ખાતે વૃક્ષારોપણ યોજાયુ

ગાંધીનગર, તા. ૨૦

શાસ્ત્રોમાં વૃક્ષ પૂજનની અનેરો મહિમા ગવાયો છે. વૃક્ષ પૂજા એટલે જીવ પૂજા અને જીવ પૂજા એટલે શિવ પૂજા. પર્યાવરણની જાળવણી તથા લોકકલ્યાણ માટે વધુમાં વધુ વૃક્ષો વવાય એ ખુબજ જરૂરી છે. આજરોજ તા. ૨૦ ઓગષ્ટ અને પવિત્ર શ્રાવણ માસના સોમવારના શુભ સમન્વયે આધુનિક ભારતના સ્વપ્રદષ્ટા, ભારતરત્ન પૂર્વ વડાપ્રધાન સ્વર્ગીય રાજીવ ગાંધીના જન્મ દિવસે દહેગામ તાલુકાના ઝાંક ગામે બસસ્ટેન્ડ ખાતેના ખુલ્લા મેદાનમાં સવારે ૧૦ કલાકે ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાની આગેવાનીમાં તથા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ થકી પર્યાવરણ બચાવવા તથા વૃક્ષ પૂજા થકી શિવ પૂજાનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો.



કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ રાજીવજીની છબી ઉપર ફૂલહાર ચડાવી રાજીવજીને શ્રદ્ધાસુમન અર્પણ કરી રાજીવજીને કોમ્પ્યુટર તથા ટેલિકોમ યુગના પ્રણેતા તથા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ૩૩ ટકા મહિલા અનામત દ્વારા મહિલા સશક્તિકરણના હિમાયતી તથા મતદાન માટેની લઘુત્તમ વયમર્યાદા ૨૧ વર્ષથી ઘટાડી ૧૮ વર્ષ કરી સાચા અર્થમાં યુવાઓને સત્તામાં ભાગીદાર બનાવવા જેવા તેમના ઉમદા દેશસેવાના કાર્યોને યાદ કર્યા હતા. જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ પણ પ્રાસંગિક પ્રવચન કરી રાજીવજીના કાર્યોને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર, જિ.પં. પ્રમુખ શ્રીમતી મંગુબેન ચૌધરી, કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકી, રામજી મંદિરના મહંત ગણેશબાપુ, બાબુસિંહ ઝાલા, ઝાક સરપંચ સુહાગ પંચાલ, જીતેન્દ્રસિંહ સોલંકી, જિલ્લા સદસ્યો નરેશ ઠાકોર તથા ભાવિન ઠાકોર, કાળુસિંહ ડાભી, ફૂલસિંહ ઝાલા, વખતસિંહ ચૌહાણ વિગેરે આગેવાનો-કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા તેવું જિલ્લા કોંગ્રેસના મહામંત્રી વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું હતુ.



## મગોડી સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમના વૃદ્ધાને શ્રવણતીર્થયાત્રા કરાવી

તાલુકાના મગોડી સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમના વડીલોને સહયોગ મંડળ ગાંધીનગર ગાંધીનગર અને ગાયત્રી ટ્રાવેલ્સ દ્વારા શ્રાવણમાસ નિમિત્તે ધાર્મિક પ્રવાસ સવારે ૫ કલાકે મરતોલી, મોઢેરા, બહુચરાજી, શંખેશ્વર મહાદેવ અને સ્વામિનારાયણ મંદિર પાટડી ખાતે કરાવવામાં આવ્યો હતો. આ ધાર્મિક યાત્રામાં રાહેલબા વૃદ્ધાશ્રમના વડીલોએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભજન-કિર્તન કરી ધાર્મિક યાત્રાની મોજ માણી ધન્યતા અનુભવી હતી. સહયોગ મંડળના સંસ્થાના પ્રમુખ બહેચરભાઈ સહિત અન્ય સેવાભાવી નાગરિકો જોડાઈ વિવિધ સેવાઓનું પ્રદાન કર્યું હતું.